### આંગણવાડીમાં ઉજવાય છે મમતા દિવસ, સગર્ભા મહિલાઓ અને બાળકોને ભારે હાલાકી

# ૧૦થી ૧૫ હજારની વસ્તી છતાં આરોગ્ય કેન્દ્ર નહીં: ઈન્દિરાનગરના રહીશોમાં રોષ

**વર્ષોથી** રજૂઆતો છતાં આરોગ્ય સુવિધા અધૂરી, તાત્કાલિક PHC બનાવવાની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરા જિલ્લાના દશરથ ગામ પંચાયત હદમાં આવેલા ઈન્દિરાનગર વિસ્તારમાં આરોગ્ય સેવાઓની ગંભીર ખાધ સામે આવી છે. છેલ્લા કેટલાય વર્ષોથી અહીં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અભાવે આરોગ્ય કર્મચારીઓને મજબૂરીમાં આંગણવાડીમાં મમતા દિવસની કામગીરી કરવી પડી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આંગણવાડીમાં પૂરતી બેસવાની વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, સગર્ભા મહિલાઓ માટે બેડ તેમજ બાળકોના રસીકરણ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નથી. વોશરૂમ જેવી પાયાની સુવિધાઓના અભાવે મહિલાઓ અને બાળકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ઈન્દિરાનગર વિસ્તારમાં રાધાકૃષ્ણ સોસાયટી, હરિઓમનગર, નવદુર્ગા સોસાયટી સહિત અનેક વસાહતો આવેલી છે, જ્યાં અંદાજે 10થી 15 હજાર લોકો વસવાટ કરે છે. આટલી મોટી વસ્તી હોવા છતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ન હોવાથી નાની-મોટી બીમારી માટે લોકોને દશરથ અથવા સોખડા આરોગ્ય કેન્દ્ર સુધી જવું પડે છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે આરોગ્યલક્ષી કાર્યક્રમો દરમિયાન પણ યોગ્ય સ્થળના અભાવે કોઈના ઘર પાસે અથવા ખુલ્લા પ્લોટમાં સારવાર અને તપાસની કામગીરી કરવી પડે છે. આ મુદ્દે અગાઉ સાંસદ સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ ગ્રાન્ટના અભાવનું કારણ દર્શાવવામાં આવ્યું હતું.

સ્થાનિક રહીશોએ ઈન્દિરાનગર ખાતે તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન, ડોક્ટર અને જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરવા સરકાર સમક્ષ માંગ ઉઠાવી છે. આરોગ્ય કેન્દ્રની તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખી વહેલી તકે કાર્યવાહી કરવાની લોકમાગ પ્રબળ બની છે.

## કુંભારવાડા ફાયરિંગ: સુફિયાનને વિવિધ સ્થળોએ લઈ જવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરાના કુંભારવાડા વિસ્તારમાં યુવક પર ચાર રાઉન્ડ ફાયરિંગ કરાયેલા કેસમાં પોલીસે તપાસ તેજ કરી છે. કુંભારવાડા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.જે. પાંડવના માર્ગદર્શન હેઠળ સુફિયાન ઉર્ફે અલ્લા અલ્લા શેખ, વહાબ ઉર્ફે ખાટકી શેખ, સોયેલ ઉર્ફે બોટલ બેલીમ અને મોહસીન ઉર્ફે બટન પઠાણની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે ચારેય આરોપીઓના બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. તપાસમાં સામે આવ્યું છે કે સુફિયાને પિસ્તોલમાંથી ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. હવે પોલીસ હથિયાર ક્યાંથી મેળવાયું, કોણે પૂરું પાડ્યું અને અગાઉ અન્ય ગુનામાં તેનો ઉપયોગ થયો હતો કે નહીં તે મુદ્દે તપાસ કરી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીઓની નિશાનદેહી હેઠળ ગોલ્ડન ચોકડી સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરાશે. ફાયરિંગમાં વપરાયેલા હથિયારના સ્ત્રોત અને સપ્લાય નેટવર્ક અંગે મહત્વની માહિતી મેળવવા પ્રયાસો શરૂ કરાયા છે.

# વાહ રે દારૂબંધી! લિસ્ટેડ બુટલેગરનો એક ફોન અને પોલીસની રેડ થઈ 'કૂલ'?




વડોદરા શહેરમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે એક એવી ઘટના ચર્ચાનો વિષય બની છે, જેમાં કાયદા કરતાં એક ફોન કૉલ વધુ અસરકારક સાબિત થયો હોવાની ચર્ચા ચાલી રહી છે. શહેરના એક વિસ્તારમાં દારૂના ગેરકાયદે વેચાણની બાતમીના આધારે પોલીસની ટીમ રેડ કરવા પહોંચી હતી. સ્થળ પરથી દારૂની બોટલો અને વેચાણ સાથે સંકળાયેલી સામગ્રી પણ મળી આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સામાન્ય રીતે આવા કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, પરંતુ અહીં વાર્તામાં એક રસપ્રદ વળાંક આવ્યો. કહેવાય છે કે કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ એક લિસ્ટેડ બુટલેગરનો ફોન પોલીસ સુધી પહોંચ્યો. ફોન પર જણાવાયું કે દારૂ વેચનાર વ્યક્તિ તેની પાસેથી માલ લઈને ધંધો કરે છે.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

બસ પછી શું! ચર્ચા મુજબ કાયદાની ગાડી અચાનક બ્રેક મારી ઊભી રહી ગઈ. દારૂ મળી આવ્યો હોવા છતાં કાર્યવાહીનો માર્ગ બદલાઈ ગયો અને મામલો જાણે 'સમજદારીપૂર્વક' પતાવી દેવામાં આવ્યો. દારૂ વેચનારને માત્ર ભવિષ્યમાં આવી ભૂલ ફરી ન કરવાની સલાહ આપવામાં આવી હોવાનું કહેવાય છે.

હવે સવાલ એ ઊભો થાય છે કે જો સ્થળ પરથી દારૂ અને અન્ય પુરાવા મળી આવ્યા હતા તો કાર્યવાહી કેમ ન થઈ? શું દારૂબંધીના કાયદામાં હવે 'ફોન કોલ કલમ' પણ ઉમેરાઈ ગઈ છે? કે પછી કેટલાક લોકો માટે નિયમો અને કાયદાના અર્થ અલગ હોય છે?

સ્થાનિકોમાં એવી ચર્ચા પણ ચાલી રહી છે કે કેટલાક પ્રભાવશાળી બુટલેગરોની ભલામણને વિશેષ મહત્ત્વ મળતું હોય છે. જો આ ચર્ચાઓમાં સત્યનો અંશ હોય તો દારૂબંધીના અમલ અને પોલીસની નિષ્પક્ષતા બંને અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. ઘટનાએ એટલું તો સ્પષ્ટ કર્યું છે કે શહેરમાં હવે લોકો પૂછવા લાગ્યા છે–દારૂબંધીનો ડર વધુ છે કે ફોન કરનારનો પ્રભાવ?

હવે જોવાનું એ રહેશે કે સંબંધિત અધિકારીઓ આ ચર્ચાઓની ગંભીરતા સમજી તથ્યો બહાર લાવે છે કે પછી આ પણ શહેરની અનેક ચર્ચાઓની જેમ સમય સાથે ભૂંસાઈ જશે.

## માંજલપુરની ખાલી બેઠક પર મહિલા નેતાના નામની ચર્ચા શરૂ થતાં જ સમાજ અને જૂથો થયા સક્રિય, ગુપ્ત બેઠકોનો દોર શરૂ




વડોદરા શહેરના માંજલપુર વિધાનસભા ક્ષેત્રમાં ધારાસભ્યના દુ:ખદ અવસાન બાદ ખાલી પડેલી બેઠક હજુ સત્તાવાર રીતે ચૂંટણીના રંગમાં રંગાઈ પણ નથી, ત્યાં તો રાજકીય પડછાયાઓમાં ટિકિટ માટેની દોડધામે જોર પકડી લીધું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જાણે લોકસેવાની ભાવના અચાનક જ અનેક નેતાઓમાં જાગી હોય તેમ વિવિધ કાઉન્સિલરો, પૂર્વ હોદ્દેદારો અને પક્ષના કાર્યકર્તાઓ હવે પોતપોતાની દાવેદારી મજબૂત કરવામાં વ્યસ્ત હોવાનું કહેવાય છે.

તાજેતરમાં એક નવનિયુક્ત મહિલા હોદ્દેદારનું નામ સંભવિત ઉમેદવાર તરીકે ચર્ચામાં આવતાં રાજકીય સમીકરણોમાં નવી હલચલ જોવા મળી છે. નામ માત્ર ચર્ચામાં આવ્યું અને વિવિધ જૂથોમાં ગણતરીઓ શરૂ થઈ ગઈ. કોણ કેટલા મત લાવી શકે, કોનો કેટલો પ્રભાવ છે અને કોની ઉપર કોનો હાથ છે તેની ચર્ચાઓ હવે ચાની કીટલીથી લઈને પાર્ટીના કોરિડોર સુધી પહોંચી ગઈ હોવાનું કહેવાય છે. બીજી તરફ, માંજલપુરમાં નોંધપાત્ર મતબેંક ધરાવતા મરાઠી સમાજે પણ પોતાની હાજરી નોંધાવવાનું શરૂ કરી દીધું છે. અહેવાલો મુજબ ભાજપના મરાઠી કાર્યકર્તાઓ દ્વારા એક ગુપ્ત બેઠક યોજાઈ હતી, જેમાં સમાજના ઉમેદવારને ટિકિટ આપવાની માંગને વધુ મજબૂત રીતે રજૂ કરવાની વ્યૂહરચના ઘડાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. રાજકારણના જાણકારો મજાકમાં કહી રહ્યા છે કે ચૂંટણીની સત્તાવાર જાહેરાત પહેલાં જ ટિકિટના દાવેદારોની સંખ્યા મતદારો કરતાં વધુ દેખાવા લાગી છે. કેટલાક નેતાઓ તો વર્ષોથી વિસ્તારની ગલીઓમાં ભાગ્યે જ દેખાતા હતા, પરંતુ હવે અચાનક લોકોના દુ:ખ-સુખ પૂછવા અને કાર્યકર્તાઓ સાથે ચા-નાસ્તાની બેઠકો વધતી જોવા મળી રહી છે. હાલમાં તો પાર્ટી હાઈકમાન્ડે કોઈ નામ જાહેર કર્યું નથી, પરંતુ એક વાત ચોક્કસ છે કે માંજલપુરની ખાલી બેઠક હવે માત્ર ચૂંટણી નહીં, પરંતુ સમાજ, જૂથ, પ્રભાવ અને રાજકીય ગણિતની રસપ્રદ સ્પર્ધાનું કેન્દ્ર બની રહી છે. હવે જોવાનું એ રહેશે કે અંતે ટિકિટ કોના ફાળે જાય છે અને આજના ગુપ્ત સમીકરણો કાલે ખુલ્લા સમર્થનમાં બદલાય છે કે નહીં.

### કોરિયામાં ગૂંજ્યો વડોદરાનો વિજયનાદ

# ભારતના ત્રણેય વર્લ્ડ માસ્ટર્સ પદકો સંસ્કારી નગરીના ખેલાડીઓના નામે

**વડોદરાના** રીતા જૈને જીત્યો સિલ્વર, શીતલ શાહ અને એલ.વી. ઠાકરેને બ્રોન્ઝ મેડલ મેળવ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

દક્ષિણ કોરિયાના ગાંગન્યુંગ શહેરમાં તા. 7 થી 12 જૂન દરમિયાન યોજાયેલી પ્રતિષ્ઠિત વર્લ્ડ માસ્ટર્સ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ-2026માં વડોદરાના ખેલાડીઓએ વિશ્વસ્તરે શાનદાર દેખાવ કરીને ભારત અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. ખાસ વાત એ છે કે ભારતને આ સ્પર્ધામાં મળેલા ત્રણેય પદકો વડોદરાના ખેલાડીઓના ખાતામાં ગયા છે, જે સમગ્ર શહેર માટે ગૌરવની ક્ષણ બની છે.

આંતરરાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધામાં ભારતમાંથી 175થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. મહિલા 65+ સિંગલ્સ કેટેગરીમાં વડોદરાની અનુભવી ખેલાડી રીતા જૈને ઉત્કૃષ્ટ રમત પ્રદર્શન કરી સિલ્વર મેડલ જીત્યો હતો. વિશ્વના વિવિધ દેશોના દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે તેમણે નોંધપાત્ર દેખાવ કરીને ભારતને મહત્વપૂર્ણ સફળતા અપાવી હતી.

બીજી તરફ, વડોદરાની દિશા ડાયનેમિક ટેબલ ટેનિસ અકાદમીના શીતલ શાહ અને એલ.વી. ઠાકરે (લક્ષ્મણરાવ ઠાકરે)એ 50+ મિક્સ્ડ ડબલ્સ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. સેમિફાઈનલમાં તેમણે મજબૂત કોરિયન જોડીને કડક ટક્કર આપી હતી, જોકે 3-1થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

ભારતના ત્રણેય પદકો વડોદરાના ખેલાડીઓના નામે જતા રમતગમત જગતમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ છે. આ સિદ્ધિએ ફરી એકવાર સાબિત કર્યું છે કે વડોદરા માત્ર શિક્ષણ અને સંસ્કૃતિનું જ નહીં, પરંતુ રમતગમત ક્ષેત્રે પણ દેશનું અગ્રણી કેન્દ્ર બની રહ્યું છે.

# કિશોર અને આધેડે ઝેરી પ્રવાહી પી લેતાં સયાજી હોસ્પિટલમાં દાખલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૪

વડોદરા શહેર અને જિલ્લામાં રોજબરોજ ઝેરી દવા અથવા કેમિકલ પીને આપઘાત કરવાનો પ્રયાસ કરવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે, જે સમાજ માટે એક મોટો ચિંતાનો વિષય બન્યો છે. આવી જ બે અલગ-અલગ ઘટનાઓમાં આજે સયાજી હોસ્પિટલ ખાતે એસિડ અને ફિનાઈલ પીવાના બે ગંભીર કેસો નોંધાયા છે. સદનસીબે બંને બનાવોમાં ભોગ બનનાર દર્દીઓ હાલ ભાનમાં છે અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે.

પ્રથમ બનાવની વિગત એવી છે કે, શહેરના નૂરપાર્ક સોસાયટી વિસ્તારમાં રહેતા ૧૩ વર્ષીય કિશોરએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ પરિવારજનોમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને કિશોરને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, કિશોરની હાલતમાં સુધારો છે અને તે હાલ ભાનમાં છે. જોકે, આટલી નાની ઉંમરે કિશોરે આ પગલું કેમ ભર્યું તે અંગે રહસ્ય અકબંધ છે.

જ્યારે બીજા એક બનાવમાં વડોદરા તાલુકાના ઈટોલા ગામે રહેતા ૪૦ વર્ષીય પ્રવીણભાઈ વિઠ્ઠલભાઈ ગોહિલે પોતાના નિવાસ્થાને કોઈ અગમ્યો કારણોસર એસિડ ગટગટાવી લીધું હતું. ઝેરી પ્રવાહી પેટમાં જતાં જ તેમની તબિયત લથડતા પરિવારજનો દ્વારા તેમને તાબડતોડ વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. હાલમાં તેમની સારવાર ચાલી રહી છે અને તબીબોના જણાવ્યા મુજબ તેઓ હાલ ભાનમાં છે.

સામાન્ય ઘરકંકાસ, માનસિક તણાવ કે અન્ય કારણોસર લોકો આ નાની જિંદગી ટૂંકાવવા આવા આત્યંતિક પગલાં ભરી રહ્યા છે, જે લાલબત્તી સમાન છે. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં વધતી હતાશા રોકવા માટે પરિવારનો સાથ અને યોગ્ય કાઉન્સિલિંગ ખૂબ જ જરૂરી બન્યું છે.

# વડોદરાના ડૉ. શેશાંગ દેગડવાલા ટોપ ૫% વૈજ્ઞાનિકોમાં સ્થાન પામ્યા

**AI,** મશીન લર્નિંગ અને ડેટા સાયન્સ ક્ષેત્રે સંશોધનને વિશ્વસ્તરીય સ્વીકાર



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરાની સિગ્મા યુનિવર્સિટીના કમ્પ્યુટર વિભાગના વડા અને જાણીતા સંશોધક ડૉ. શેશાંગ દેગડવાલાને SciRank Global Registry 2025 દ્વારા વિશ્વના ટોપ 5 ટકા વૈજ્ઞાનિકોમાં સ્થાન મળ્યું છે. તેમના ઉચ્ચ કક્ષાના સંશોધન, વૈજ્ઞાનિક પ્રકાશનો અને વૈશ્વિક યોગદાનને ધ્યાનમાં રાખી આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરવામાં આવ્યું છે.

ડૉ. દેગડવાલા કમ્પ્યુટર સાયન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ અને ડેટા સાયન્સ જેવા અદ્યતન ક્ષેત્રોમાં સક્રિય સંશોધન કરી રહ્યા છે. તેમના સંશોધન પેપર્સ, પેટન્ટ્સ અને શૈક્ષણિક યોગદાનને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક માન્યતા મળી છે.

SciRank Globalના બિબ્લિયોમેટ્રિક વિશ્લેષણ મુજબ તેમને 7,99,913મો વૈશ્વિક ક્રમ પ્રાપ્ત થયો છે. વિશ્વભરના લાખો સંશોધકોમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વૈજ્ઞાનિકોને જ આ યાદીમાં સ્થાન આપવામાં આવે છે.

આ સિદ્ધિ અંગે ડૉ. દેગડવાલાએ જણાવ્યું કે આ માન્યતા તેમના માટે ગૌરવની સાથે વધુ સારું સંશોધન કરવા માટેની પ્રેરણા છે. તેમની આ ઉપલબ્ધિ સિગ્મા યુનિવર્સિટી, વડોદરા શહેર અને સમગ્ર ગુજરાતના શૈક્ષણિક તથા સંશોધન ક્ષેત્ર માટે ગૌરવની બાબત બની છે.

## બેફામ વાહનચાલકે મોપેડને ટક્કર મારતાં ચાલક ગંભીર ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરાના સમા વિસ્તારમાં બેફામ વાહનચાલનના કારણે વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો છે. અજાણ્યા વાહનચાલકે મોપેડને અડફેટે લેતા ચાલકને માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે સમા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આણંદના સરગમપાર્ક સોસાયટીમાં રહેતા ચેલેશભાઈ પરમાર 11 જૂનના રોજ સાંજે મોપેડ પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન તુલસી ગરુનાળા રોડ નજીક એક અજાણ્યા વાહનચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી તેમના મોપેડને ટક્કર મારી હતી. અકસ્માતમાં ચેલેશભાઈને માથા, કાન, નાક, ખભા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સમા પોલીસે ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### જીપીસીબી અને પોલીસની ભૂમિકા શંકાસ્પદ

# સાવલીની ઈન્ડો એમાઈન્સ કંપનીમાંથી ગેરકાયદે કેમિકલ ભરેલું ટેન્કર છોડી મુકાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

સાવલી તાલુકાના ટુંડાવ ખાતે આવેલી ઈન્ડો એમાઈન્સ કંપનીમાંથી પરવાનગી વિના અત્યંત જ્વલનશીલ અને હેઝાર્ડસ કેમિકલ ભરેલા ટેન્કરને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી) અને પોલીસની મિલીભગતથી છોડી દેવાયું હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. એક જાગૃત નાગરિકે આ મામલે જીપીસીબી, હરણી પોલીસ સ્ટેશન અને જીએસટી વિભાગ સહિતના સરકારી તંત્રને લેખિત ફરિયાદ કરી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા અનેક સવાલો ઊભા થયા છે.



ફરિયાદીનો આક્ષેપ છે કે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જોખમી કેમિકલના પરિવહન માટે જરૂરી મંજૂરી અને પ્રક્રિયાનું પાલન થવું જરૂરી છે. છતાં કંપની દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. ટેન્કર નીકળે તે પહેલાં જ જીપીસીબીના ઉચ્ચ અધિકારી માર્ગી પટેલને જાણ કરવામાં આવી હતી. શરૂઆતમાં કાર્યવાહીની ખાતરી આપવામાં આવી હોવા છતાં સમયસર ટીમ સ્થળ પર પહોંચી નહોતી.

અંતે નાગરિકે 112 હેલ્પલાઈન પર કોલ કરી પોલીસને બોલાવી હતી. પોલીસે ટેન્કર રોક્યું હોવા છતાં માત્ર દસ્તાવેજોની ચકાસણી કરીને મામલો સમેટવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવાયું છે. ટેન્કરમાં ભરેલા કેમિકલના નમૂના લેવા માટે આગ્રહ કરવામાં આવ્યો હતો, પરંતુ જીપીસીબીની ટીમ સ્થળ પર પહોંચી નહોતી.

થોડા દિવસો અગાઉ નડિયાદ એલસીબીએ સમાન પ્રકારના કેસમાં ટેન્કર પકડી કાર્યવાહી કરી હતી. ત્યારે સાવલીની કંપની સામે કાર્યવાહી કેમ ન થઈ તે ચર્ચાનો વિષય બન્યો છે. જો આવા જ્વલનશીલ કેમિકલથી ભરેલા ટેન્કરનો અકસ્માત સર્જાય અથવા લીકેજ થાય તો મોટી જાનહાનિ થવાની શક્યતા હોવાથી સ્થાનિકોમાં ભારે ચિંતા વ્યાપી છે.

#### ગુજરાતમિત્રના પ્રશ્ન સામે GPCB અધિકારીનો બચાવ

આ સમગ્ર મામલે 'ગુજરાતમિત્ર'ના પ્રતિનિધિને પીસીબીના અધિકારી માર્ગી પટેલે જણાવ્યું કે બિલ હોય તો વાહન રોકી શકાય નહીં. ટેન્કરમાં કયું કેમિકલ છે તેની તપાસ તેમની જવાબદારી ન હોવાનું કહેતા નવા સવાલો ઊભા થયા છે.

# સેન્ટ્રલ જેલના વૃદ્ધ કેદીનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

**૧૩ દિવસની** ટૂંકી માંદગી બાદ દમ તોડ્યો, પોલીસે પેનલ PM કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૪

વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા કાપી રહેલા એક ૬૫ વર્ષીય વૃદ્ધ કેદીનું આજે રવિવારે સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. ગંભીર બીમારીના કારણે કેદી છેલ્લા ૧૩ દિવસથી હોસ્પિટલમાં દાખલ હતા. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

વડોદરા મધ્ય જેલમાં સજા ભોગવી રહેલા ૬૫ વર્ષીય પૂનમ પૂજાભાઈ પરમારની તબિયત ગત દિવસોમાં અચાનક બગડી હતી. તેઓ ગંભીર બીમારીથી પીડાતા હોવાનું જણાતા જેલ પ્રશાસન દ્વારા તેમને તાત્કાલિક અત્રેની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓ સઘન સારવાર હેઠળ હતા. ત્યારે આજ રોજ તેઓનું મોત થયું હતું.

છેલ્લા ૧૩ દિવસથી સયાજી હોસ્પિટલના બિછાને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ, આજ રોજ તારીખ ૧૪/૦૬/૨૦૨૬ ને રવિવારના રોજ કેદી પૂનમભાઈ પરમારે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કરતા હોસ્પિટલ ચોકી દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની માહિતી મળતા જ રાવપુરા પોલીસનો કાફલો સયાજી હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક કેદીના પરિવારજનોને આ અંગે વાકેફ કર્યા હતા અને લાશનો કબજો સંભાળી પીએમની કામગીરી હાથ ધરી હતી. જેલના પાકા કામના કેદીનું હોસ્પિટલમાં મોત થતાં ચકચાર મચી ગઈ છે, ત્યારે પોલીસે આ મામલે આગળની તપાસ તેજ કરી છે.

## SSGHમાં વર્લ્ડ બ્લડ ડોનેશન ડેની ઉજવણી : સાંસદે રક્તદાન કર્યું

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૪

વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશીએ એક પ્રશંસનીય અને પ્રેરણાદાયી પહેલ કરી છે. તેમણે મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ એવી સયાજી હોસ્પિટલની બ્લડ બેંક ખાતે રૂબરૂ પહોંચીને રક્તદાન કર્યું હતું અને સમાજ પ્રત્યે પોતાની ફરજ અદા કરી હતી.




લોકપ્રતિનિધિ તરીકે રક્તનું મહત્વ સારી રીતે જાણતા સાંસદ ડૉ. હેમાંગ જોશીએ આ પ્રસંગે મધ્ય ગુજરાતના યુવાનો, સેવાભાવી સંસ્થાઓ અને યુવા સંગઠનોને એક ખાસ અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે પણ રક્તદાન કરવાનો વિચાર આવે ત્યારે સયાજી હોસ્પિટલની બ્લડ બેંકને સર્વોચ્ચ પ્રાથમિકતા આપો. અહીં આપેલું લોહી ગરીબ, મધ્યમ વર્ગના અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે સંજીવની સમાન સાબિત થાય છે. યુવાનોનું લોહી સમાજમાં નવું જીવન ફૂંકી શકે છે.

આ સેવા કાર્યમાં વડોદરા શહેર યુવા મોરચાના પદાધિકારીઓ અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમ દરમિયાન યુવા મોરચાના અગ્રણીઓ મૌલિક દેસાઈ, ઋત્વિક પુરોહિત, અને રોનક પટેલ સહિત સમગ્ર યુવા મોરચાની ટીમે હાજર રહીને સાંસદની આ પહેલને બિરદાવી હતી તેમજ આગામી દિવસોમાં વધુમાં વધુ યુવાનો રક્તદાન કરે તે માટે સંકલ્પ લીધો હતો. સયાજી હોસ્પિટલના બ્લડ બેંક સ્ટાફ દ્વારા સાંસદ અને યુવા મોરચાની આ ઉમદા કામગીરીને આવકારવામાં આવી હતી.

## માંડવીના મહાકાળી માતા મંદિરે આમ્ર મહોત્સવની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

શહેરના હૃદયસ્થાને આવેલા માંડવીના સુપ્રસિદ્ધ અને પૌરાણિક મહાકાળી માતાના મંદિરે અધિક માસ નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાયકવાડ શાસનકાળથી અસ્તિત્વ ધરાવતા આ ઐતિહાસિક મંદિરમાં વર્ષભર વિવિધ ધાર્મિક તહેવારોની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવે છે.

અધિક માસની વિશેષ ઉજવણીના ભાગરૂપે રવિવારે મંદિરમાં કાળી ચૌદસ શણગારના મનોરથ યોજાયા હતા. માતાજીને આકર્ષક અને દિવ્ય શણગારથી સજાવવામાં આવ્યા હતા, જેના દર્શન માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે આમ્ર મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કેરીના વિવિધ પ્રકારના ફળો અને વિશિષ્ટ શણગારથી મંદિરનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું. દિવસભર મોટી સંખ્યામાં ભક્તોએ મંદિરે પહોંચી માતાજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.



મંદિરના મહંત હેમંત જાનીએ જણાવ્યું હતું કે અધિક માસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં ભક્તો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે. કાળી ચૌદસ શણગાર અને આમ્ર મહોત્સવમાં પણ બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ હાજરી આપી ધન્યતા અનુભવી હતી.

## ગોરવા ખાતે તાજિયા આયોજકો અને શાંતિ સમિતિ સાથે બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

આવનારા મોહરમ પર્વને શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં ઉજવવાના હેતુથી આજરોજ સહયોગ પોલીસ ચોકી, ગોરવા પોલીસ સ્ટેશન ખાતે વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બી ડિવિઝનના એસીપી આર.ડી. કવાની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં ગોરવા પોલીસ સ્ટેશન અને જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારના તાજિયા આયોજકો, શાંતિ સમિતિના સભ્યો તેમજ વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન મોહરમ તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તેમજ ધાર્મિક કાર્યક્રમો શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીઓએ આયોજકોને તંત્ર સાથે સંકલન જાળવી રાખવા તેમજ કોઈપણ પ્રકારની અફવા કે ગેરસમજથી દૂર રહેવા અપીલ કરી હતી. ઉપસ્થિત આગેવાનોએ પણ તહેવારની ઉજવણી દરમિયાન પરસ્પર સહયોગ અને સામાજિક સૌહાર્દ જાળવવાની ખાતરી વ્યક્ત કરી હતી.

## બ્રહ્માકુમારીઝ અટલાદરામાં શાંતિ અને યોગ માટે ભવ્ય વોક રેલી યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.14

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપક્રમે બ્રહ્માકુમારીઝ અટલાદરા સેવા કેન્દ્ર દ્વારા આજે "વોક ફોર પીસ એન્ડ યોગા" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાંતિ, સ્વાસ્થ્ય અને યોગ પ્રત્યે જનજાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બ્રહ્માકુમારી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બ્રહ્માકુમારીઝ અટલાદરા કેન્દ્રના સંચાલિકા બી.કે. ડો. અરૂણાદીદીએ તમામ મહેમાનો અને ઉપસ્થિત સૌનું ઉષ્માભર્યું સ્વાગત અને અભિવાદન કરી યોગના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. શાંતિ તથા સ્વાસ્થ્યનો સંદેશ આપતી "વોક ફોર પીસ એન્ડ યોગા" રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. યોગ અને શાંતિ જાગૃતિને એકસાથે જોડતો આ પ્રકારનો અનોખો પ્રયોગ પ્રથમ વખત આયોજિત કરવામાં આવ્યો હતો, જેને ઉપસ્થિત સૌએ આવકાર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ, એકતા અને આધ્યાત્મિકતાનો સુંદર માહોલ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમના ફ્લેગ ઓફ અટલાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. રાઠોડે કર્યુ હતુ. સાથે એસ.ઓ.જી.ના જીતેન્દ્રભાઈ અને આસિફભાઈ, ડો. જાન્હવીબેન, પૂર્વ કોર્પોરેટર સંગીતાબેન, ભાજપના કન્વીનર જીગ્નેશભાઈ અને ખ્યાતિબેન, ૨૧મી ખડાયતા પરિષદના ઉપપ્રમુખ મીતાબેન તેમજ SVVP સાઉથ ઝોનના પ્રમુખ વિપુલભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.